# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MODHVADIYA GIFT CITY

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , કેન્દ્રીય અંદાજપત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-AI ક્ષેત્રમાં વિશેષ ફાળવણી કરવામાં આવી છે. આજે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઇનોવેશન: પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ- FTO' વિષય પર યોજાયેલી કાર્યશિબિરમાં તેમણે જણાવ્યું , ગુજરાત પણ AI, વિજ્ઞાન અને નવીનીકરણના ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે.

(બાઇટ : અર્જુન મોઢવાડિયા, મંત્રી)

આ કાર્ય શિબિરનો મુખ્ય ઉદ્દેશ વૈજ્ઞાનિકો , સંશોધકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકોને વિવિધ નિષ્ણાતો દ્વારા નવીનતા અને વણિજ્યિકરણને વેગ આપવા સહિતની બાબતો માટે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

. . . . . . . . . . . . .

# KARUNA ABHIYAN

રાજ્યમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ 14 હજારથી વધુ પક્ષીઓને 'કરુણા અભિયાન ' થકી જીવતદાન અપાયું. સત્તાવાર યાદીમાં નિવેદન આપતા વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , આ અભિયાન હેઠળ છેલ્લા 10 વર્ષમાં કુલ એક લાખ 18 હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા છે. કરુણા અભિયાન દરમિયાન અમદાવાદમાંથી સૌથી વધુ 6 હજાર 532 પક્ષીઓને બચાવી લેવાયા.

રાજ્યમાં અંદાજે 450 જેટલા કલેક્શન સેન્ટર , 60 થી વધુ કંટ્રોલરૂમ તથા 480થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓની સારવાર માટે શરૂ કરાયા હતા. આ કેન્દ્રો પર અંદાજે 650થી વધુ વેટરનરી ડોકટર તથા અંદાજે 8 હજારથી વધુ કર્મચારીઓ-સ્વયંસેવકો પક્ષીઓના બચાવ-સારવાર માટે જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# BUDGET REACTION

કેન્દ્રીય અંદાજપત્ર 2026ને અરવલ્લી જિલ્લા વેપારી મંડળ દ્વારા આવકારવામાં આવ્યું છે. વેપારી મંડળનું કહેવું છે કે , આ અંદાજપત્ર વિકસિત ભારતનો રોડ મેપ છે.જેનાથી રોજગારીની તકો ઉભી થશે.આ અંગે વેપારી મંડળના સચિવ જયેશ દોશીએ પ્રતિક્રિયા આપી.

(બાઈટ : જયેશ દોષી, જનરલ સેક્રેટરી, ચેમ્બર ઓફ કોમર્સ)

. . . . . . . . . . . . .

# TELANGANA GOVERNOR SOMNATH

તેલંગણાના રાજ્યપાલ જિષ્ણુદેવ વર્માએ આજે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કર્યા. તેઓ ભજન-કિર્તન અને ડમરૂના નાદ સાથે યોજાયેલી પાલખીયાત્રામાં પણ સહભાગી બન્યાં. શાસ્ત્રોક્ત વિધિથી રાજ્યપાલના હસ્તે સોમેશ્વર મહાપૂજા સંપન્ન કરાવવામાં આવી હતી. રાજ્યપાલે બાણસ્તંભ સહિત સમગ્ર મંદિર પરિસરની મુલાકાત લીધી હતી અને મંદિરના ઐતિહાસિક , ધાર્મિક તેમજ સાંસ્કૃતિક મહત્વ વિશે અવગત થયાં હતાં.

. . . . . . . . . . . . .

# TAPI JAYRAM GAMIT

તાપી જિલ્લાના નિઝર એ.પી.એમ.સી. ખાતે રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામીતે ‘સંપૂર્ણતા અભિયાનના બીજા તબક્કાનો શુભારંભ કરાવ્યો. આ તકે વિભાગીય પ્રતિનિધિઓએ અત્યાર સુધીની કામગીરી અને આગામી સમયમાં સો ટકા લક્ષ્યાંક પૂરો કરવા માટેનો એક્શન પ્લાન રજૂ કર્યો. આ અભિયાન 14 એપ્રિલ , સુધી ચાલશે. જેમાં આરોગ્ય, શિક્ષણ અને ખેતી જેવા મહત્વના 6 સૂચકાંકોમાં 100 ટકા સિદ્ધિ હાંસલ કરવાનું લક્ષ્ય છે.

. . . . . . . . . . . . .

# BHARUCH G RAM G

ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે વિકસિત ભારત જીરામજી યોજના અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગામના સરપંચો, આગેવાનો અને કાર્યકરોને જી રામજી યોજનાની વિગતવાર માહિતી આપી. મંત્રી ઇશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત અગાઉના 100 દિવસના બદલે હવે 125 દિવસની રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે , જે ગ્રામિણ વિસ્તારમાં રોજગારની નવી તકો ઊભી કરશે.

. . . . . . . . . . . . . .

# MAHISAGAR VARSAD

રાજ્યમાં ઠંડીનું જોર ઘટી રહ્યું છે ત્યારે બીજી તરફ કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ થયાના અહેવાલ મળ્યા છે. મહીસાગર જિલ્લામાં બે દિવસના વાદળ છાયા વાતરણ બાદ આજે માવઠું થયું. કડાણા , ખાનપુર, લુણાવાડા, સંતરામપુર તાલુકામાં વરસાદ પડતાં ઘઉં અને મકાઈના પાકને નુકસાનની ભીતિ છે.

. . . . . . . . . . . . .

# BSF-KUTCCH ROAD TO HEVEAN

બીએસએફની સ્થાપનાના 60 વર્ષ પૂર્ણ થવાના અવસરે  કચ્છના ધોળાવીરા ખાતે BSF રન-રોડ ટુ હેવનનું આયોજન કરાયું હતું. વિશ્વવિખ્યાત રોડ ટુ હેવન પર યોજાયેલ આ દોડનો હેતુ ફિટનેસ પ્રત્યે જાગૃત્તિ લાવવાનો હતો.તેમાં કુલ 460 સ્પર્ધકો અને બીએસએફના 207 જવાનોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . .

# PANCHMAHAL-EARTHQUAKE

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર , ઓડીદ્રા, પઢીયાર, વેલવડ અને રામપુરા સહિતના વિસ્તારોમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા.રવિવારે સવારે નોંધાયેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 2.7 હતી. ભૂકંપનું કેન્દ્ર ગોધરાથી અંદાજે 17 કિલોમીટર ઉત્તર-પશ્ચિમ દિશામાં ઓડીદ્રા નજીક નોંધાયું હતું. જિલ્લા પ્રશાસન દ્વારા સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવાયું છે.

. . . . . . . . . . . . .